**ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ના બિન શૈક્ષણિક અને શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા બાબત.**

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ-બમશ-૧૦૧૧-૧૪૧૮-ગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૦૨ -૦૧-૨૦૧૨

<u>વંચાણે લીધો -</u>

(૧) શિક્ષણ વિભાગના તા.૪-૧૦-૦૫ના ઠરાવ ક્રમાંકઃ-મબશ-૧૦૨૦૦૪-૨૦૭-ગ

(૨) સા. વ. વિભાગના તા.૫-૭-૧૧ના ઠરાવ ક્રમાંકઃ-રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક.

આમુખ :-

શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ-(૧)માં તા.૪-૧૦-૨૦૦૫ના ઠરાવથી બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુટુંબને રહેમરાહે નિમણૂક આપવા અંગેની સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી થયેલી નીતિ લાગુ પાડવામાં આવેલ છે.

ઉપર સંદર્ભ-(૨)માં વંચાણે લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૭-૨૦૧૧ ના ઠરાવથી રહેમરાહે નિમણુંક અંગેની નીતિમાં ફેરફાર કરીને ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીઓના આશ્રિત કુટુંબને રહેમરાહે નિમણૂક આપવાને બદલે ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગેની નવી નીતિ નકકી કરવામાં આવેલ છે.

બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ના બિન શૈક્ષણિક અને શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નકકી કરાયેલ નીતિનો શિક્ષણ વિભાગ અમલ કરવામાં આવે છે. આથી સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવ અન્વયે નકકી થયેલી નવી નીતિ, બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ ના બિન શૈક્ષણિક અને શૈક્ષણિક કર્મચારીઓને પણ લાગુ પાડવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ-(૧)ના તા.૪-૧૦-૨૦૦૫ના ઠરાવની સૂચનાઓ રદ કરીને, ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂક આપવાને બદલે સામાન્ય વહિવટ વિભાગના સંદર્ભ-૨માં જણાવેલા તા.૫-૦૭-૨૦૧૧ના ઠરાવથી નક્કી થયેલ, ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગેની યોજના લાગુ પાડવામાં આવે છે.

આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૨-૧૧-૨૦૧૧ ની નોંધ તથા સરકારશ્રીની તા૭/૧૨/૨૦૧૧ ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ.પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અંગ્રત સચિવશ્રી, ગાંધીનગર
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા અને મા. શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ, શિક્ષણ ભવન, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ટ્રિબ્યુનલ, શિક્ષણ ભવન, અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
તમામ જિલ્લા તિજોરી અધિકારીઓ
વિભાગની સર્વે શાખાઓ
સિલેક્ટ ફાઇલ. ગ-શાખા
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.